વધુ ફાળો આપવો. એ આનંદની વાત છે
કે કેટલાક સેવાભાવી જ્ઞાતિભાઈઓએ

। શ્રાદ્ધ ને - [illegible]
। [illegible]
। આપણા [illegible]
। કાર્ય ને. જુઓ. [illegible]

(૬)

આ કાર્ય હું ત્યાંથી ઉપાડી લીધેલ છે અને
સંજોગ અનુકૂળ હોતાં એમનાં* પ્રયાસો
આપણી નજર સામે સફળ થતા જણાય છે.
આ કાર્યમાં આપણને ધર્મપ્રિય સાધુઓનો
પણ ઉત્સાહદાયક દોરવણી તથા સહકાર
મળી રહ્યાં છે. એને લીધે આજે ઘણાં
અનેક ગામોમાં પૂ. ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની
મૂર્તિ સ્થાપન કરાવવામાં આવી છે અને જ્ઞાતિ
સુધારાનું કાર્ય વ્યવસ્થિત રીતે આગળ
વધી રહ્યું છે.

આજે તમો જ્ઞાતિના વિચાર બાબતમાં
તથા કાર્યવાહીની ચૂંટણી અને જ્ઞાતિ પ્રગતિ
માટે આવશ્યક જરૂરી નિર્ણયો કરનાર છો.
આ પ્રસંગે હું તમોને આટલી સૂચના
કરીશ. કે જેઓએ મંદિરો બંધાવ્યાં છે
એમને માટે ચોરી અને [illegible] અને અન્ય
જુદુ સંસ્કારો આપણામાં મુક્યા સિવાય
બીજો કોઈ રસ્તો નથી. સ્ત્રિયા તથા બ્રાહ્મણો
અને દક્ષિણા વગેરે બાબતમાં જરા
મુશ્કેલી જેવું લાગે તો તે બાબતમાં સંજોગો
અનુસાર યોગ્ય ઉપાયો અજમાવી
શકાય છે. જેઓ મંદિર બાંધો આરાધે

(૭) K.J.80

સ્વાતંત્ર્યકાળથી એમને પણ વધુમાં વધુ
એંશી પચીસીની અંદર આ રાહ પર આવ્યે જ
ઉતરતા હોઈ એટલે જેવડું એ રસ્તા પર એક
વખત ડગ મુક્યા છે એમને પીછેહઠ
કરવાનો ખ્યાલ હોય જ નહિ.

હવે આપણે બાળલગ્નોનો પ્રશ્ન
લઈએ. બાળલગ્નો ઘણી દ્રષ્ટિએ હાનિકા-
-રક છે. બાળકીનું ભવિષ્ય આપણે
આગળથી જરાપણ જાણી ન શકીએ.
અને આપણે નક્કી કરેલાં યોગ્ય લગ્ન
મોટી ઉંમરે તદ્દન અયોગ્ય - શારિરીક
કે માનસિક દ્રષ્ટિએ - સાબિત થવાનો
પુરતો સંભવ છે. આવાં જોડાંના ઝગડાઓ
અને છૂટાછેડા માટેના દાખલાઓ શું આપણે
નથી જાણ્યાં? એ સિવાય લગ્ન એ જેમને
માટે નક્કી કરવામાં આવે છે એ પણ એ
બાબતમાં કંઈક પોતાનો અભિપ્રાય
આપી શકે એટલી ઉંમરનાં હોય એ
એટલું જ ઈચ્છવા યોગ્ય છે. બાળલગ્નોની
પ્રથાએ આપણા ઘણાય વ્યક્તિઓનાં
શિક્ષણ અને પ્રગતિ અટકાવ્યાં છે. એથી

(૮)

હું તમોને વિનંતિ કરીશ કે એને તદ્દન
નાબૂદ કરવાની તૈયારી ન હોય તો તેને
ઓછાં કરવાના પ્રયાસો તો આજથીજ
શરૂ કરો. આ બાબતમાં એવી યુક્તિઓ
રજૂ કરવામાં આવે છે કે કોઈ છોકરીઓને
મોટી ઉંમરનાં થાય ત્યાં સુધી સગપણ
વગરનાં રાખતાં નથી એટલે આપો
આપણાં છોકરાંને રાખીએ તો એ વરોળાં
વગરનાં રહી જાય. આ બાબતમાં હું તમને
એટલુંજ પૂછીશ કે કોઈ પણ જ્ઞાતિ કે
અને બધાજ આ પ્રતિકાર કરીશો તો
શરૂઆત ક્યારે થશે? માટે સૌએ શરૂઆત
કરવાનો નિશ્ચય કરેજ છૂટકો છે કે જેથી
સૌને સગવડ પડે.

છૂટાં લગ્ન કરવાનો પ્રતિબંધ પણ આ
સાથેજ સાંકળાયેલો છે. મને લાગે છે કે
ઘણા ભાઈઓ આ બાબતે કાયદાની
સગવડ, કુટુંબની આર્થિક સ્થિતિ કે
કુટુંબના વિચારોને લીધે છૂટલગ્ન
કરવાનું પસંદ કરશે. સૌનાં સાથે
લગ્ન કરવા જતાં આપણી આર્થિક
ઘણીવાર કફોડી [illegible] સ્થિતિમાં

(૪) K.J.81

મૂંઝાઈ જાય છે એ તમારા જેવા ઘણાંનોને
સારી રીતે જાણતા હશો એટલે એ
બાબતમાં વિશેષ લખતો નથી. એવું જોવામાં
આવે છે કે મોટાં છોકરાંને પરણાવતાં
ઘૂરક લગ્ન કરવાં પડે અને વધારે
ખર્ચમાં ઉતરવું પડે. પરંતુ આ માન્યતા
તદ્દન ભૂલ ભરેલી છે. ગરીબાઈ એ માત્ર
આપણી જ્ઞાતિનો ઈજારો નથી. બીજી
ઘણી જ્ઞાતિઓમાં ગરીબાઈ દેખાય છે અને
એ જ્ઞાતિનાં ગરીબ ભાઈ બહેનો પોતાની
સ્થિતિ અનુસાર ખર્ચ કરી સહેલાઈથી
ઘૂરક લગ્નો કરી શકે છે. એટલે આ
બાબતમાં યોગ્ય નિર્ણય કરવાનો હું
તમોને આગ્રહ કરું છું.

કાર્યકરોની ચૂંટણી બાબતમાં
હું તમોને એટલુંજ સૂચના કરીશ કે
તમારી સમજુ જ્ઞાતિસેવા માટે પ્રયાસો
કરી રહ્યા છે અને ~~[illegible]~~ જેમની સેવા
કરવાની શુદ્ધ ઈચ્છા અને ઈરાદો
ધરાવે છે એઓને તમારા આગેવાનો પદ
શઠ, પ્રપંચી, ઢોંગી કે સ્વાર્થી લોકોને

(૧૦)

હવે જ્ઞાતિની આગેવાની અંગે પણ
ધ્યાન રાખી શકાય.

જ્ઞાતિની સર્વાંગી એટલે
ધાર્મિક, આર્થિક, સાંસ્કારિક, સામાજીક
પ્રગતિ માટે હવે હું એક સૂચના રજુ
કરીશ. એ સૂચના છે જ્ઞાતિનાં બાળકો
માટે એક બોર્ડિંગ સ્થાપવાની. આ
બાબતની જરૂરીઆત આજે સૌને માટે
અનિવાર્ય છે. આપણી સૌનું ભવિષ્ય
કેવું હશે એનો આધાર આપણી ભવિષ્યની
પ્રજા કેવા પ્રમાણમાં શિક્ષિત અને સંસ્કારી
હશે એના પર છે. આજે આપણા માંના
ઘણા ભાઈઓ અશિક્ષિત હોવાથી આપણાં
વ્યાપારિક કાર્યોમાં અનેક અડચણો
અનુભવી રહ્યા છીએ અને એ માટે આપણાં
બાળકોને દોષ આપી રહ્યા છીએ. કદાચ
આપણે જો આપણી ફરજમાં ચૂકશું તો
આપણી ભવિષ્યની પ્રજા જરૂર એ બાબતમાં
આપણને જવાબદાર ગણી આપણો
દોષ કાઢશે. હું માનું છું અને તમો ભાઈઓ
મારી સાથે એ બાબતમાં સહમત થશો

(૧૧) K.J.89

આજનાં એકે એક આગેવાન તથા જ્ઞાતિના
સમજુ ભાઈઓની એ અતિ પવિત્ર અને
અગત્યની ફરજ છે કે એમણે જ્ઞાતિનાં
બાળકો માટે શિક્ષણની સગવડ કરી
આપવા પોતાથી બનતા વધારેમાં વધારે
પ્રયાસો કરવા. કારણ કે જો એઓ પોતાની
આ ફરજ ચૂકશે તો ભવિષ્યની પ્રજા
એમને જરૂર એ માટે ફિટકાર દેશે.
આપણા જ્ઞાતિના છાત્રાલયમાં મફત, અર્ધ
મફત તથા ફીવાળા વિદ્યાર્થીઓને
દાખલ કરવાની વ્યવસ્થા કરી એમને પ્રાથમિક
અને બની શકે એટલા પ્રમાણમાં ઉચ્ચ
શિક્ષણની વ્યવસ્થા કરવી જોઈએ. આ
શિક્ષણ આપતાં આપણી કોમનું માનસ
સ્વાભાવિક રીતે પલટો લેશે, અને આજે
જે રૂઢિઓ — ધાર્મિક તેમજ સામાજિક —
આપણે પકડી રહ્યા છીએ એ સહેલાઈથી
આપણને મૂકશે. કેળવણી કોઈ પણ કોમ
ની પ્રગતિ માટે અનિવાર્ય છે. અને કચ્છ
જેવા શિક્ષણની બાબતમાં પછાત દેશમાં
તો પોતાનાં બાળકો માટે પોતે જ યોજના
કરવા સિવાય આરો જ નથી. શિક્ષણ

(૧૨)

કિંમત આર્થિક ભવિષ્યમાં ઘણી
સારી અસર થશે. આ બાબતમાં
મને આશા છે કે તમો યોગ્ય નિર્ણય
કરશો. આ યોજના વિષે મેં આપણા
સેક્રેટરીને અગાઉ પણ એક પત્ર લખેલ છે.
તેમાં દર્શાવ્યા પ્રમાણે આ કાર્ય આપણે
કલ્પીએ છીએ એટલું મુશ્કેલ નથી.
માત્ર શરૂઆત થવાની જ જરૂર છે અને
જેટલા સારા પાયા પર શરૂઆત થાય એટલું
વધારે સારું. આ બાબતનો શરૂઆતનો
ખર્ચ ત્રણ ચાર માસનો ઊભો કરવા પૂરતો જ
હશે. ત્યાર બાદ શિક્ષણ સાધનો, પગાર,
તથા જમવા તથા કપડાં વગેરેનો ખર્ચ
કરવાનો રહેશે. એને માટે નિભાવ ભંડોળ
ની જરૂર રહેશે. જે શરૂઆતમાં પૂરતા
પ્રમાણમાં ન મળે તો ચાલુ રાખી, ભવિષ્યમાં
પણ વધારી શકાય છે. ભુજ કે માંડવી જેવા
શહેરોમાં આવી સંસ્થા હોય તો પછી
અંગ્રેજી પ્રાથમિક શાળામાં છોકરાઓ શીખવાની
વ્યવસ્થા કરી શકાય. એથી છાત્રાલયમાં
માત્ર ગુજરાતી ચોથા ધોરણ સુધીજ
ભણાવવાની જરૂર પડે. આ બાબતમાં

ગામ ભીમ કોટડી ઉઘરાણા બાકી

કોરા.

~~૪૬) ડો. ગંગાદાસ વીરજીભાઈ [illegible] [illegible]~~

૪૬)

કો.

~~૪૧ કો. [illegible]~~

~~૧૦) કો. ડા. શંકર વીરજી [illegible]~~

~~૧૦૧) કો. [illegible] નારણ [illegible]~~

૧૬૨૮

કો. ગુજરાત ઉઘરાણાની બાકી.

~~૧૦) કો. [illegible] કરમશી [illegible]~~

~~૧૦) કો. [illegible]~~ } [illegible]

~~૫) કો. [illegible]~~ }

૨૫)

~~કો. ગામ [illegible]~~

~~૫૧ કો. [illegible]~~

K. J. 83

૩૨૬ માં બહાર ગામની ઉઘરાણી બાકી

મેરો

~~૧૦૪૧) પા. [illegible]~~

[illegible]

~~૪૧ પા. [illegible]~~

[illegible]

~~૧૦) કો. [illegible]~~

~~૨) પા. ડાયા કરમશી [illegible]~~

~~૫૦ [illegible]~~

~~૨૫૦ કડવા પાટીદાર સમાજ [illegible]~~

[illegible]

~~૧૦૮ પા. [illegible] કરસન [illegible]~~

~~૨૫૦ કો. ગંગાદાસ [illegible]~~

~~૧૦૨) કડવા પાટીદાર સમાજ [illegible]~~

[illegible]

૧૨૮૧૮

કુંભારિયા.

~~૩૦) કો. પા. [illegible]~~

~~૨૦) કો. પા. કરસન [illegible]~~

[illegible]

~~૫૧) કો. પા. [illegible]~~

[illegible]

~~૧૨૫) કો. [illegible]~~

[illegible]

૨૨૬)

K J. 84

ગામ શ્રી કોટડાના બાકી ઉઘરાણા
કોરા

૯૭૦૦॥ પા. કેશરા હંસરાજ લાભાણી

૯૦૦૧) લક્ષ્મીનારાયણ પધરામણા
૨૫૧) ભોજન ઘરવખરા
૧૦૧) નારાયણ કેશરાના ધર્મખાતે
૧૦૧) હરજી કેશરાના ધર્મખાતે
૧૦૧) વાલજી કેશરાના ધર્મખાતે
૧૨૫) માતાજી ભાગીભાઈના
૧૦૧ હરજી કેશરા ગૌશાળા
૧૦૧ નારાયણ કેશરા ગૌશાળા

૫૭૦૦ પા. [illegible]

૫૫૦૧) ઈંડુ અડાલવાળા
૫૧) માવજી માવાભાઈ
૫૧) [illegible] ગાગેરી
૨૫૧ અ. [illegible]
૨૫૧ અ. વાલજી
૨૫૧ અ. [illegible]
૧૫૧ [illegible] નાગરેચી
૧૫૧ વાલજી નાગરેચી

૫૫૦૧) વાલજી નાથા રામાણી
૨૫૫૧
૩૨૦૦

૮૦૧) [illegible] ધનજી [illegible]
૫૦૧) પા. [illegible]
૨૫૧) ઠા. [illegible]
૨૦૧) પા. [illegible]
૫૧) પા. [illegible]
૫૧) પા. [illegible]
૫૦૧) [illegible]
૩૦૧) પા. [illegible]
૫૧) [illegible]
૧૦૧) પા. [illegible]
૨૫) પા. [illegible] નાગરેચી
૭૫૧) પા. [illegible]
૫૦૧) પા. [illegible]
[illegible] ॥
(પાછળ જુઓ)

ગામ શ્રી નખત્રાણા ઉઘરાણા બાકી
કોરી

૫૨૫) કડવા પાટીદાર સમાજ [illegible]
૫૦૧) પા. [illegible] રામાણી
૫૨૫૧ [illegible]
૧૨૫) પા. [illegible] લીંબાણી
૫૧૧ [illegible] કડવા પાટીદાર [illegible] મંડળ
૭૦૧) પા. [illegible]
૭૦૧) પા. [illegible]
૫૦૧) પા. [illegible]
૫૧) પા. હરજી [illegible]
૫૧) પા. [illegible]
૫૧) પા. [illegible] વાલજી [illegible]
૫૧) પા. વાલજી [illegible]
૫૧) પા. [illegible]
૫૧) પા. [illegible]
૫૧) પા. [illegible]
૫૧) પા. [illegible]
૩૬૭૦॥

[illegible] બાકી [illegible]
કો.
૫૧) પા. [illegible]
૫૧ પા. [illegible]
૫૧ પા. [illegible]

૬૧॥

K.J.85

ગામવાર ઉઘરાણીની તારીજ:—

રૂપીઆ	કોરી	ગામ	દેશ.
૧૦૧)	૨૯૦૦૨॥।	કોટડા	કચ્છ
૬૧૫	૩૬૭૦॥	નખત્રાણા	״
૧૬૨૮	૫૧)	ખોંભડી	״
૧૦)	-	મોતીસરી	ગુજરાત
૧૫)	-	ટીમ્બા તળાવ	״
-	૧૦૪૧)	ખીરસરા	કચ્છ
-	૬૧૮	વીરાણી	״
-	૨)	સાંગીઆ	״
-	૫૮	મથલ	״
-	૨૫૮	આનંદપર	״
-	૧૦૮	ખોખર નાની	״
-	૨૫૮	ગામની ખબર નથી	
-	૧૦૧	દયાપર	״
૩૦)	-	ધાવડા	״
૨૦)	-	મુલુન્ડ	મુંબઈ
૫૧)	-	સુરત	ગુજરાત.
૧૨૫)	-	દિલ્હી.	
૫૭૫॥।	૩૦૦૦૫॥		

(૨) K.J. 86

ઉઘરાણી નું લીસ્ટ:-

રૂપીઆ.	કોરી.	નામ.	નુખ.	ગામે.	રીમાર્ક.
–	૮૦૦૧)	પા. કેશરા હંસરાજ	લીંબાણી	કોટડા.	[illegible] શા. લાલજી કેશરા
–	૨૫૧)	” ”	”	”	[illegible]
–	૧૦૧)	લાલજી કેશરા ના ધર્મપત્નિ	”	”	નોટ
–	૧૦૧)	હીરજી કેશરા ના ધર્મપત્નિ	”	”	”
–	૧૦૧)	વાલજી કેશરા ના ધર્મપત્નિ	”	”	”
–	૧૨૫)	માતાજી નાગબાઈ	”	”	”
–	૧૦૮	હીરજી કેશરા	”	”	જપતી ડાની
–	૧૦૮	લાલજી કેશરા	”	”	”
–	૫૫૦૧)	પા. લધા પચાણ	નાકરાણી	”	[illegible]
–	૫૧)	માતાજી માનબાઈ	”	”	નોટ.
–	૫૧)	લધા પચાણ ના ગરેટ	”	”	”
–	૨૫૮	શ્રી. મુળજી લધા.	”	”	”
–	૨૫૮	શ્રી. વાલજી લધા	”	”	”
–	૨૫૮	શ્રી. દેવજી લધા	”	”	”
–	૧૫૮	મુળજી લધા ના ગરેટ	”	”	”
–	૧૫૮	વાલજી લધા ના ગરેટ	”	”	”
–	૫૫૦૧)	પા. વાલજી નાથા	રામાણી	”	[illegible]
–	૬૦૧)	પા. [illegible]	[illegible]	”	નોટ.
–	૫૦૧)	પા. [illegible] હીરા રાજા	મુળા.	”	”
–	૨૫૧)	ડા. [illegible]	—	”	” [illegible]
–	૨૦૧)	પા. દેવજી પાંચા	[illegible]	”	નોટ.
–	૫૧)	પા. દાના નાથા	[illegible]	”	”
–	૫૧)	પા. [illegible]	”	”	”
–	૫૦૧)	[illegible]	—	”	”
–	૩૦૧).	પા. નાનજી હરજી	વાસાણી	”	”
–	૧૦૧)	પા. મેઘજી નાગજી	[illegible]	”	”
–	૨૫)	પા. [illegible] ના ધર્મપત્નિ	[illegible]	”	”
–	૭૫૧)	પા. મેઘજી નારાણ	મુળા	”	” [illegible]
–	૫૦૧)	પા. [illegible] નાથા	રામાણી	”	નોટ.
–	૫)	પા. પેથા લાલજી	વાસાણી	”	”

[illegible]

(૨)

રૂપિયા	કોરી	નામ	કુળ	ગામ	રીમાર્ક.
–	~~[illegible]~~ ૨૪૯૫૨॥। ૫૧)	જાડેજા કુમારશ્રી ચંદ્રસીહજી પ્રતાપજી	—	જડોદર	લોટ.
૧૦૧)	–	જાડેજા ઠાકોરશ્રી વીરસંગજી ભોજાજી	—	,,	,,
–	૫૨૫)	કડવા પાટીદાર સમાજ		નખત્રાણા	૩ વારના.
–	૫૦૧)	પા. રામજી નારાણ	રામાણી	,,	લોટ.
–	૫૨૫૮	પા. સોમજી અરજણ [illegible]		,,	નાગોર. લોટ.
–	૧૨૫)	પા. લધા સોમજી	લીંબાણી	,,	,,
–	૫૧૮	શ્રી કડવા પાટીદાર યુવક મંડળ		,,	,,
–	૭૦૧)	પા. નારાણ દેવજી		,,	આરતી ~~[illegible]~~ ભાગ
–	૭૦૧)	પા. કરસન મનજી	સાંખલા.	,,	ભોગ ધરાવવાના
–	૫૦૧)	પા. નારાણ રતન કું.		,,	લોટ.
–	૫)	પા. હરજી હીરા.		,,	,,
–	૫)	પા. વેલજી હરજી	ભગત	,,	,,
–	૫)	પા. શવદાસ વાલજી	લીંબાણી	,,	,,
–	૫)	પા. વાલજી શવદાસ		,,	,,
–	૫)	પા. કાનજી વીરજી		,,	,,
–	૫)	પા. કરસન મેઘા		,,	,,
–	૫)	પા. નાનજી કુંભ		,,	,,
–	૫)	પા. પ્રેમજી અબજી		,,	,,
૫૧)	–	પા. મનજી પચાણ		,,	આરતના સારૂ લોટ
૫૮	–	પા. લાલજી મનજી		,,	~~[illegible]~~ લોટ.
૫૮	–	પા. વીસરામ વેલજી		,,	,,
–	૫૧)	ડા. ગંગાદાસ વીસરામ		ખોંભડી	,,
૫૧૮	–	પા. માવજી શ્રી નથુભાઈ		,,	,,
૧૦)	–	ડા. શંકર વીરજી		,,	,,
૧૦૧)	–	પા. જેઠાભાઈ નારાણ	રવાણી	,,	,,
૧૦)	–	પા. હરીભાઈ કરમશી હસ્તે.		[illegible] તરફથી.	ગુજરાત ,,
૧૦)	–	પા. વીસરામ જુવરાજ હસ્તે.		ટીમ્બા નખાવ તરફથી	,, ,,
૫)	–	પા. વીસરામ જુવરાજના સંગત.		,,	,, ,,
–	૧૦૫૧)	પા. રામજી ભાઈ સોમાઈ		ઓરકરા	ભગવાનને હાર પહેરાવવાના.
–	૫૨૧	પા. માવજી પરમાણ ભાણબાઈ ધર્મપત્ની સરલાબેન	ભાણાણી	વિરાણી	લોટ.
૩૪૯॥।	~~[illegible]~~ ૨૯૮૨૬॥				

(3) K.J. 87

રૂપીઆ	કોરી	નામ	જ્ઞાતિ	ગામ	રીમાર્ક
૩૪૮॥	૨૯૨૬॥				
–	૧૦)	પા. સવરાણી દાના	–	[illegible]	નોટ.
–	૨)	પા. કાયા કરમશી	–	સાંગીઆ	”
–	૫॥	ડા. [illegible]	–	મથલ.	”
–	૨૫॥	કડવા પાટીદાર [illegible]	–	આનંદપર	હા. [illegible] નોટ.
–	૧૦॥	પા. વશરામ કર[illegible]	–	[illegible]	નોટ.
–	૧૦૧)	શ્રી કડવા પાટીદાર [illegible]	–	[illegible]	હા. [illegible] નોટ
૩૦)	–	પા. [illegible]	–	[illegible]	નોટ.
૨૦)	–	પા. [illegible] / પા. [illegible]		[illegible] (મુંબઈ)	નોટ.
૬૧)	–	પા. [illegible] મહાદેવ[illegible]		સુરત.	હા. [illegible] નોટ
૧૨૫)	–	મેસર્સ [illegible]		દિલ્હી.	[illegible]
–	૨૫।	ગંગાદાસ [illegible] ધર્મપાલ (ગામની ખબર નથી)			
~~૫૭૫।।।~~	~~[illegible]~~ ૩૦૦૦૫॥				

૧૧૦૫૩૦
૯૦૫૨૦
૨૦૦૩૦
૪૦૦

[illegible]
[illegible]
[illegible]
૪૮૪૧

૨૦૫૨
૮૫॥।
૨૨૩૭॥।

[illegible]

૭॥ + ૩ા × ૭.
[illegible]

K.J.88.

ઠરાવ:

બળદીઆ મધ્યેના કણબી લોકોની બે પાર્ટીઓ વચ્ચે લાંબા સમયથી ચાલતી તકરારોનું નિરાકરણ લાવવા જ્યુ. જા. નં. ૨૧૧૨ તા: ૧-૧૧-૪૪ વાળી ચાઠીથી રા. રા. રાવબહાદુર જે. ડી. રાણાને સ્પેશીયલ અમલદાર તરીકે નીમવામાં આવેલ. એમના તરફથી તા: ૨૦-૪-૪૫ની તારીખનો નીચે મુજબના અભીપ્રાય સહીતનો રીપોર્ટ કરવામાં આવેલ:-

" સદરહુ બાબતમાં બળદીઆના કણબીઓની બંને પાર્ટીઓને તેઓની જે તકરારો હોય તે લખી આપવાનું કહેતાં મોટા પક્ષ વાળા તરફથી જે લેખીત તકરાર રજુ થઇ તે એક્ઝીબીટ નં. ૧ તરીકે આ સાથે સામેલ છે અને નાના પક્ષ તરફથી જે લેખીત તકરાર રજુ થઇ તે એક્ઝીબીટ નં. ૨ તરીકે આ સાથે સામેલ છે. બંને પક્ષની તકરાર ધ્યાનમાં લઇ તા:- ૨૫-૧૧-૪૪ના રોજ નીચે પ્રમાણે મુદા કાઢવામાં આવ્યા છે.

૧. નાના પક્ષવાળા સ્વામીનારાયણ પંથના ચાલુ સંપ્રદાયથી જુદા પડયા હોવાનું સાબીત થાય છે કે કેમ:

૨. જો સાબીત થાય તો બળદીઆનાં સ્વામીનારાયણનાં હરી મંદિરમાં તેમને જવાનો હક્ક છે કે કેમ:

૩. નાના પક્ષવાળાને બળદીઆનાં હરિ મંદિરના હિસાબના ચોપડા જોવાનો અધીકાર હોવાનું સાબીત થાય છે કે કેમ:

૪. નાના પક્ષવાળાને મંદિરના વહીવટમાં સામેલ રહેવાનો હક્ક છે કે કેમ:

૫. બળદીઆનાં હરી મંદિરના હાલના વહીવટ કરનારની કાયદેસર રીતે નીમણુંક થએલી છે કે કેમ:

૬. કાળીતળાવડી ઉપર સ્વામીનારાયણનાં પગલાં તથા મકાન તથા અબજી પટેલની છતેડીની જગ્યા છે તે આ તકરારનો વિષય છે કે કેમ:

૭. કાળીતળાવડી ઉપરનાં સદરહુ પગલાં તથા મકાન તથા અબજી પટેલની છતેડીની જગ્યા બળદીઆના સ્વામીનારાયણ સંપ્રદાયની હોવાનું સાબીત થાય છે કે કેમ:

૮. જો સંપ્રદાયની હોવાનું સાબીત થાય તો ધર્મશાળાની અંદર આવેલ છબીઓ તથા અબજી બાપાની છતેડીની જગ્યા બાબતમાં શું હુકમ કરવો મુનાસબ છે:

૯. અબજી બાપાની છબી તથા તેમનાં પુસ્તકો બળદીઆનાં હરીમંદિરમાં લાવવા સંબંધમાં શું હુકમ કરવો મુનાસબ છે:

૧૦. બળદીઆનાં હરિ મંદિરમાં દેશી પરદેશી મહેમાનોને રહેવા માટે સંપ્રદાયના નિયમથી વિરુધ્ધ મોટા પક્ષવાળા અટકાવ કરે છે કે કેમ: અને તે બાબતમાં શું હુકમ કરવો યોગ્ય છે:

૧૧. અગાઉ ફોજદારી કેસો થઇ ગયા છે અને હાલે જે ચાલે છે તે બાબત આ પ્રકરણે ચર્ચાનો વિષય છે કે કેમ: જો હોય તો તે બાબતમાં શું હુકમ કરવો મુનાસબ છે:

૧૨. બળદીઆના હરી મંદિરમ તથા તેની મીલકતમાં નાના પક્ષવાળાનો શું હક્ક છે:

૧૩. શું હુકમ કરવોયોગ્ય છે:

<u>નિર્ણય:-</u>

૧. હા.
૨. ના.
૩. ના
૪. ના.
૫. નિકાલ દેવો રહેતો નથી.
૬. હા.
૭. હા.
૮. જેમ છે તેમ કાયમ રહેવા દેવાં જોઇએ.
૯. લાવી શકતા નથી.
૧૦. ના.
૧૧. ના.
૧૨. કંઇ નહીં.
૧૩. છેવટના અભિપ્રાય પ્રમાણે.

K.J 89

૨.

કારણો:

ખાદીઆ ગામના સ્વામીનારાયણ સંપ્રદાયના કણબીઓ - વચ્ચેનો આ ઝઘડો હોવાથી સ્વામીનારાયણ ધર્મની સ્થાપના કરનાર કોણ હતા અને આ ધર્મ ક્યારે સ્થાપવામાં આવ્યો તે ટુંકમાં જણાવવું અમને જરૂરનું લાગે છે:

સ્વામીનારાયણ ધર્મની સ્થાપના.

૨. સ્વામીનારાયણ ધર્મની સ્થાપના કરનાર સહેજાનંદ સ્વામી અયોધ્યા પાસે છપૈયા ગામમાં સને ૧૭૮૧ના એપ્રીલની ૩ જી તારીખે જન્મ્યા હતા તેમને સંપ્રદાયના ગુરૂ તરીકે સને ૧૮૦૨ માં -- સ્વીકારવામાં આવ્યા અને સને ૧૮૦૪ માં તેમણે સ્વામીનારાયણ ધર્મની સ્થાપના કરી. તેઓ સંપ્રદાયમાં શ્રીજી મહારાજના નામે ઓળખાય છે. સને ૧૮૨૬માં સ્વામીનારાયણ ધર્મ પાળનારા વાસ્તે તેમણે 'શિક્ષાપત્રી' નામનું પુસ્તક લખ્યું તે ' નીતિના નિયમોના પુસ્તક તરીકે'' પણ ઓળખાય છે. ' શિક્ષાપત્રી' ના ૬૩-૬૪-૬૫ શ્લોકમાં જે આ ઠરીત શાસ્ત્રો તેમને ઇષ્ટ છે તે વર્ણવેલા છે. સને ૧૮૨૭ માં શ્રીજી મહારાજે સ્વામીનારાયણ ધર્મની સુવ્યવસ્થા માટે એક લેખ લખી તેમની ગાદીના બે વિભાગ પાડયા. ઉત્તર વિભાગ અને દક્ષિણ વિભાગ, અને દરેક વિભાગ માટે પોતાના ભત્રીજાને આચાર્ય તરીકે નીમ્યા. આ બે વિભાગ ઉત્તર વિભાગ અને દક્ષિણ વિભાગને નામે ઓળખાય છે. ઉત્તર વિભાગની ગાદી અમદાવાદ મુકામે રાખવામાં આવી અને દક્ષિણ વિભાગની ગાદી વડતાલ મુકામે રાખવામાં આવી . દક્ષિણ વિભાગમાં શ્રી લક્ષ્મી-નારાયણ દેવની મુરતી પુજવાનું ઠરાવ્યું અને ઉત્તર વિભાગમાં -- નરનારાયણ દેવની મુરતી પુજવાનું ઠરાવ્યું. દરેક વિભાગમાં - શિખરબંધી મંદિરો અને હરીમંદિરો આવેલા છે. શિખરબંધી મંદિરમાં જે વિભાગમાં તે મંદિર હોય તે વિભાગની મુરતી પુજાય છે અને હરી મંદિરમાં શ્રીજીના ફોટાની પુજા થાય છે. હરી મંદિર કોઇપણ શિખરબંધી મંદિરના તાબામાં રહે છે. શ્રીજી મહારાજ - સને ૧૮૩૦ના જુન તા:૧૦મીના રોજ દેહ મુક્ત થયા.

૩. જાડીઆના ગામમાં કણબીઓનાં બે હરી મંદિર છે. એક ભાઈમાર્ગીઓ માટે અને બીજું બાઈમાર્ગીઓ માટે. જાડીઆનાં બંને હરી મંદિર ભુજનાં શિખરબંધી મંદિરના તાબામાં છે તે બાબતને જાડીઆનાં હરી મંદિરના અમુક ભાગ માટે સં. ૧૯૪૫ના મહા વદ ૨ ના રોજ જે રજીસ્ટર્ડ દસ્તાવેજ થયો છે તે ભુજના શ્રી નરનારાયણ મંદિરના કોઠારી જાદવજી દેવચંદના નામે થયો છે તેથી ટેકો મળે છે કચ્છનાં બધાં સ્વામીનારાયણ સંપ્રદાયનાં મંદિરો અમદાવાદના તાબામાં છે એ વાત કબુલ કરવામાં આવે છે. જાડીઆનાં મંદિરો વાસ્તે જે જગ્યા તથા વાડી જુદે જુદે વખતે લેવામાં આવેલ છે તે બધી મીલકત જાડીઆના સ્વામીનારાયણ સંપ્રદાયના કણબીઓની છે એ વાતમાં બે મત નથી.

૪. જાડીઆના સ્વામીનારાયણ ધર્મ પાળનારા કણબીઓમાં બે પક્ષ પડયા છે એક પક્ષમાં વધારે કણબીઓ હોવાથી તે મોટા પક્ષના નામથી ઓળખાય છે, બીજા પક્ષમાં ઓછા કણબીઓ હોવાથી તે નાનો પક્ષ કહેવાય છે. મોટા પક્ષમાં કમીમાં કમી નાના પક્ષ કરતાં ત્રણગણા માણસ વધારે હોવાનું નીકળે છે. મોટા પક્ષવાળા પોતાને અમદાવાદના શ્રી આચાર્ય પક્ષવાળા કહી ઓળખાવે છે અને નાના પક્ષવાળાને તેઓ બાપાપંથી વાળા કહી ઓળખાવે છે.

૫. બાપાપંથી એટલે શું: તે અહીં કહેવું જરૂરનું જણાય છે. જાડીઆમાં પચાણ નામના એક કણબીને ત્યાં સં. ૧૯૦૦ ની સાલમાં અબજી નામના પુત્રનો જન્મ થયો હતો તે અબજી પચાણ કણબી સં. ૧૯૮૫ના અષાડ સુદ ૪ ના રોજ દેહ મુકત થયા. તેમની જે સહી અમારી આગળ રજુ કરવામાં આવી છે તે ઉપરથી જણાય છે કે તેઓ બહુ થોડું લખવાનું જાણતા હશે. તેઓ સ્વામીનારાયણ ધર્મના અનન્ય ભક્ત હતા અને તેમની હયાતીમાં તેમણે ભક્ત તરીકે ઘણી ખ્યાતી મેળવી હતી. તેમને માનવાવાળા તેમને શ્રીજી મહારાજના અવતાર તરીકે માને છે અને મોટા પક્ષવાળા એટલે સુધી કહે છે કે તેમને અમદાવાદ ગાદીના આચાર્ય બનાવવા માટે પણ એક વખત ખટપટ કરવામાં આવી હતી. આ અબજી ભક્તને માનનારાઓ બાપાપંથીને નામે ઓળખાય છે. અબજી ભગતના નામથી

K.J. 90

શ્રીજી મહારાજનાં વચનામૃતની ટીકાનું પુસ્તક સં. ૧૯૮૨ની સાલમાં બહાર પાડવામાં આવ્યું હતું તે પુસ્તકનું નામ 'રહસ્યાર્થ પ્રદીપિકા' એવું આપવામાં આવ્યું હતું. 'અબજી બાપાની વાતો' નામે બીજું પુસ્તક પણ બહાર પાડવામાં આવ્યું છે, તે પુસ્તકમાં અબજી બાપાએ કરેલી વાતો તથા અબજી બાપાએ બતાવેલા પરચા લખવામાં આવ્યા છે.

૬. ઉપર કહી ગયા તે પ્રમાણે કચ્છી સં. ૧૯૮૫ના અષાડ મહીનામાં અબજી ભગતે દેહ મુક્યા પછી અબજી ભગતને માનનારાઓ અબજી ભગત~~જી~~ના ફોટાની પૂજા કરવા મંડયા અને બળદીઆના - સ્વામીનારાયણ સંપ્રદાયના ભાઇઓનાં હરી મંદિરમાં ~~ફોટો~~ શ્રીજી મહારાજના ફોટાની પડખે અબજી ભગતનો ફોટો મુકવામાં આવ્યો આવી રીતે થોડો વખત ચાલ્યા બાદ તે ફોટો ત્યાંથી છાની રીતે ઉપડી ગયો.

૭. અબજી ભગતના માનનારા તરફથી જ્યારે તેમની ગૌરવતા વધારવામાં આવતી હતી ત્યારે અમદાવાદના આચાર્યશ્રી કે જેના તાબામાં આ બળદીઆનાં મંદિર આવેલ છે તેમણે સં. ૧૯૮૯ ના કારતક શુદ ૧૧ ના રોજ એક આજ્ઞા પત્રિકા બહાર પાડી તેમાં તેમણે એમ આજ્ઞા કરી કે 'સંપ્રદાય સબંધી કોઇ પુસ્તક બહાર પાડવામાં આવે તો તે બાબતમાં તેમની લેખીત સંમતી લેવી અને તેમની લેખીત સંમતિ સિવાયનું પુસ્તક સંપ્રદાયને અનુસારે છે એમ મનાશે નહીં'' એ આજ્ઞા પત્રિકામાં એમ પણ લખવામાં આવ્યું છે કે 'હાલમાં અનેક જાતની પ્રતિમાઓ છપાવી બહાર પાડવામાં આવી છે અને આવે છે તે પણ તેમની લેખીત સંમતી સિવાય સંપ્રદાયમાં પ્રમાણ તરીકે માનવાને અને પૂજવાને યોગ્ય નથી.' એ પ્રમાણેની આજ્ઞા પત્રિકા બહાર પાડયા પછી લગભગ પાંચ મહીને એટલે સં. ૧૯૮૯ના ચૈત્ર વદિ ૫ શનીવારને રોજ વડતાલ દેશના આચાર્યશ્રી તથા અમદાવાદ દેશના આચાર્યશ્રી એ બંનેની સહી અને મોહોરથી એક પત્રિકા બહાર પાડવામાં આવી આ પત્રિકાથી આ બંને આચાર્યોએ અબજી બાપાની 'રહસ્યાર્થ પ્રદીપિકા' તેમની આજ્ઞા સિવાય છપાઇ હોવાથી સંપ્રદાયના કોઇએ તે પુસ્તક વેચું નહીં, વાંચવું નહીં અને સાંભળવું નહીં એવી આજ્ઞા કરી તે -- પત્રિકાના બીજા પારાગ્રાફમાં એમ પણ લખ્યું છે કે શ્રીજી મહારાજની

સિવાય બીજ અનુયાયી મુર્તિઓ જ્યાં ત્યાં જેમ તેમ પધરાવવાની કે પૂજવાની પ્રમાણશૂન્ય પ્રવૃત્તિ ઉભી થએલી જણાય છે આ પ્રવૃત્તિ પણ સંપ્રદાયને હાનીકારક છે માટે તેવી પ્રવૃત્તિ કરતા હોય તેમાં કોઈએ ભાગ લેવો નહીં. આ પત્રિકા બાઈઓના સ્વામીનારાયણ સંપ્રદાયના કણબીઓમાં પક્ષ પાડવા માટે મુખ્ય કારણ કહેવામાં આવે છે.

૮. સં. ૧૯૮૭ના જેઠ વદ ૧ ને રોજ ગામ મેઘપર મધ્યે કણબીના બન્ને ફોળની બેઠક મળી હતી ત્યાં અખા બાપાનો ફોટો ન પધરાવવો એવો ઠરાવ કરવામાં આવ્યો. સં. ૧૯૮૮ના મહા શુદ ૨ ને રોજ ગુણપરમાં કણબીઓની સમસ્ત નાત ભેગી થઈ હતી ત્યાં પણ -- બાપાપંથી વાળા સાથે કોઈપણ જાતનો વહેવાર કોઈએ રાખવો નહીં એવો ઠરાવ કરવામાં આવ્યો. નાના પક્ષવાળાનું કહેવું એવું છે કે આ બન્ને ઠરાવ એકતરફી છે. ગમે તેમ હોય તો પણ સં. ૧૯૮૭ અને ૧૯૮૮ માં પણ મોટા પક્ષવાળાને બાપા પંથી તરફ કેવી લાગણી હતી તે આ ઠરાવ સ્પષ્ટ બતાવી આપે છે.

૯. બાપાપંથીવાળા માને છે કે અમદાવાદવાળા આચાર્યશ્રીએ જે પત્રિકા બહાર પાડી તે અખાબાપા તરફના અંગત દ્વેષનું વેર લેવા બહાર પાડેલ છે અને આચાર્યશ્રીને આવી પત્રિકા બહાર પાડવા સંપ્રદાયમાં કંઈપણ અધીકાર નથી. બાપાપંથી એમ પણ કહે છે કે વડતાલના આચાર્યશ્રીએ તેમના તા: ૨૫-૪-૩૩ના કાગળથી સં. ૧૯૮૯ના ચૈત્ર વદ ૫ ની મીતીની પત્રિકા ઉપરની પોતાની સહી પાછી ખેંચી લીધેલી છે અને એમ કહેવા માગે છે કે વડતાલ ગાદીના આચાર્યશ્રીએ અખા બાપાને પાછા સ્વીકાર્યા છે. આ કથનમાં કંઈ વજુદ લાગતું નથી. વડતાલના આચાર્યશ્રીએ તા:૨૮-૧૧-૪૨ની તેમની સહી તથા મોહોરથી પત્રિકા બહાર પાડી છે તેમાં તેઓ ચોખ્ખું લખે છે કે તેમણે સહી પાછી ખેંચી લીધી છે તેનું કારણ એટલુંજ છે કે અમદાવાદ દેશના અંતરક્લેશમાં પડવા તેમની ઇચ્છા નથી પરંતુ સદરહુ પુસ્તક તેઓને માન્ય નથી એમ તેઓ ફરીથી આ પત્રિકામાં પણ જાહેર કરે છે.

K.J.91

૭.

૧૦. આ સ્થળે એટલું પણ કહેવું જરૂરનું છે કે સને ૧૯૦૨ ની સાલથી સંપ્રદાયના આચાર્યશ્રી વિરૂધ્ધ એક પક્ષ ઉભો થયો છે તે પક્ષને મહાસભાવાદી પક્ષ કહેવામાં આવે છે તેઓ તેમને દેવ પક્ષના નામે પણ ઓળખાવે છે અને આચાર્યશ્રીના પક્ષવાળાને આચાર્ય પક્ષના નામથી તેઓ ઓળખાવે છે. આ મહાસભાવાદી પક્ષ અથવા દેવ પક્ષ આચાર્યશ્રીઓનું સંપ્રદાયમાં શું સ્થાન અને સત્તા છે તે નીક્કી કરાવવા ઉભો થયો છે અને તે માટે વડતાલ ગાદીના આચાર્યશ્રી તેમજ -- અમદાવાદ ગાદીના આચાર્યશ્રી સામે દાવાઓ પણ થએલા છે. વડતાલ ગાદીના આચાર્યશ્રી ઉપરના દાવામાં પ્રીવી કાઉન્સીલથી ઠરી - ગયું છે કે આચાર્યશ્રી ધાર્મિક બાબતમાં સંપ્રદાયમાં સર્વોપરી સત્તા ધરાવે છે, તેમનાં ખર્ચ બાબતમાં કાંઇ અંકુશ મુકાયો છે અને તેમને સલાહ આપવા માટે કમીટી પણ નીમવામાં આવી છે તેમ છતાં પણ આ કમીટીના અભિપ્રાય વિરૂધ્ધ કારણો દર્શાવી આચાર્યશ્રી - વર્તવા મુખત્યાર છે એમ પ્રીવી કાઉન્સીલથી ઠરી ગયું છે. અમદાવાદના આચાર્યશ્રી પુરતી લગભગ આવીજ સ્કીમ હાઇકોર્ટથી થઇ છે પણ હજુ સુધી પ્રીવી કાઉન્સીલથી એ બાબતનો છેવટનો નિકાલ થયો નથી. ગમે તેમ હો તો પણ સંપ્રદાયમાં આચાર્યશ્રીની ધાર્મિક બાબતમાં સર્વોપરી સત્તા છેવટની કોર્ટથી ઠરી ચુકી છે.

૧૧. બળદીઆના બંને પક્ષો વચ્ચે અહીંની કોર્ટમાં પુષ્કળ - ફોજદારી કેસો ચાલી ગયા છે તેમાં આ નાના પક્ષવાળાને અબજી બાપાપંથી તરીકે ઓળખવામાં આવ્યા છે અને આ રીપોર્ટમાં અમે બળદીઆના નાના પક્ષવાળાને અબજી બાપાપંથી તરીકે ઓળખાવીશું. અમદાવાદના આચાર્યશ્રીએ સંપ્રદાયના અનુયાયીઓને તેમની આજ્ઞાથી પ્રમાણ થયા સિવાયના પુસ્તક ન વાંચવા તથા અનુચાસ્ય મુરતી નહીં પુજવા જે આજ્ઞા પત્રિકા બહાર પાડી તેથી નારાજ થઇ ગએલ આ અબજી બાપાપંથીઓ છે. સં. ૧૯૯૫ના ચૈત્ર સુદ ૧૩ રવીવાર - તા: ૨-૪-૩૯ના રોજ અમદાવાદના આચાર્યશ્રીની આજ્ઞાથી સાધુ ચૈતન્યદાસની સહીથી અને નરનારાયણ દેવની ગાદીના આચાર્યશ્રીની મોહોરથી એક આજ્ઞા પત્રિકા બહાર પાડવામાં આવી. આ -- પત્રિકામાં ' રહસ્યાર્થ પ્રદીપિકા ' નામાં વચનામૃત 'અબજીભાઇની વાતો ' તથા ' પુરૂષોતમ લીલામૃત સુખસાગર ' નામના પુસ્તકો

ની આજ્ઞા લીધેલી નથી તે કારણસર એ પુસ્તકોને
ન્યાં, આ પત્રિકામાં એમ પણ લખ્યું છે કે 'સંપ્રદાય
એ છે કે ગ્રંથો પ્રમાણ કરાવવાની જરૂર નથી તો તેમને
મહારાજ સ્થાપીત સંપ્રદાયમાં સ્થાન રહેતું નથી.' આ
ામાં વધારે એમ પણ લખ્યું છે કે 'શ્રીજી મહારાજની
ા વિરૂધ્ધ ઉપાસનામાં કોઈએ સામેલ થવું નહીં અને સહકાર
પવો નહીં' એ પક્ષ પડવાનું કારણ ટુંકમાં કહીએ તો મોટા
પક્ષવાળા આચાર્યશ્રીજીની પત્રિકાઓને માન આપી તેમણે અપ્રમાણ
કરેલ પુસ્તકો વાંચવાથી વિરૂધ્ધ છે તેમજ અનુપાસ્ય મુરતીની
પુજાથી પણ વિરૂધ્ધ છે, જ્યારે અબજી બાપાપંથીઓ આચાર્યશ્રીની
આજ્ઞાથી ઉપરવટ જઈ હજુ બાપાના ફોટાની પુજા કરવા માગે છે
અને આચાર્યશ્રીએ અપ્રમાણ કરેલ પુસ્તક વાંચવા તેમનો હક્ક સમજે છે.
આ તકરારની હકીકત અમારી આગળ મોટા પક્ષવાળા તરફથી
બળદીઆના કણબી માવજી દીવાએ રજુ કરી છે અને નાના પક્ષ
વાળા તરફથી બળદીઆના કણબી પ્રેમજી હીરજીએ રજુ કરી છે
પ્રેમજી હીરજીએ અમારી આગળ ચોખા શબ્દોમાં કહ્યું છે કે આચાર્યશ્રીને
આવી રીતે પુસ્તક અપ્રમાણ કરવા અને મુરતી અનુપાસ્ય કરાવવા
કંઈ સત્તા નથી.

આ કામે પહેલો મુદ્દો નીચે મુજબ છે:-

૧૨. નાના પક્ષવાળા સ્વામીનારાયણ પંથના ચાલુ સંપ્રદાયથી
જુદા પડયા હોવાનું સાબીત થાય છે કે કેમ:

આચાર્યશ્રી સ્વામીનારાયણ સંપ્રદાય પ્રમાણે ધાર્મિક બાબતમાં
શ્રીજીનું સ્થાન ભોગવે છે, શ્રીજી મહારાજે કહ્યું છે કે આચાર્યને -
'હું હું' એ પ્રમાણે માનવા. સ્વામીનારાયણ સંપ્રદાય પ્રમાણે -
આચાર્યશ્રી એ સંપ્રદાયના ગુરૂ છે અને શિક્ષાપત્રીના શ્લોક ૭૧ માં
કહ્યું છે કે સર્વે સત્સંગીએ પોતાના આચાર્ય સંગાથે ક્યારે પણ વિવાદ
કરવો નહીં અને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન ધન વસ્ત્રાદીકે
કરીને આચાર્યશ્રીને પૂજવા.' શિક્ષા પત્રીના શ્લોક ૬૨ માં કહ્યું છે
કે 'શ્રી કૃષ્ણનું સ્વરૂપ પોતાને સેવવાને અર્થે ધર્મ વંશના જે આચાર્ય
તેમણેજ આપ્યું હોય અથવા આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી
હોય તેજ સ્વરૂપને સેવવું અને તે વિના બીજું જે કૃષ્ણનું સ્વરૂપ તે તો
નમસ્કાર કરવા યોગ્ય છે પણ સેવવા યોગ્ય નથી.' શિક્ષાપત્રીના

K.J. 92

શ્લોક ૨૦૭ માં કહ્યું છે કે 'જે બાઈ ભાઈ આ શિક્ષાપત્રી પ્રમાણે નહીં વરતે તે તો અમારા સંપ્રદાય થકી બહાર છે એમ અમારા સંપ્રદાય વાળા સ્ત્રી પુરુષ તેમણે જાણવું.' શિક્ષાપત્રીના શ્લોક ૨૦૯ માં કહ્યું છે કે 'આજે અમારી વાણી તે અમારું સ્વરૂપ છે એ રીતે પરમ આદર થકી માનવું.' નાના પક્ષવાળા અબજી બાપાના ફોટાની પૂજા કરવા માગે છે અને આચાર્યશ્રીએ અપ્રમાણ કરેલ પુસ્તક વાંચવા માગે છે અને તકરાર કરે છે કે આચાર્યને આવી રીતે અપ્રમાણ કરવા કંઈ સત્તા નથી. આચાર્ય તેમના ગુરુ છે તેમની સાથે વિવાદ ન કરવો એમ -- શિક્ષાપત્રીમાં તો શું લખ્યું છે તે છતાં આ લોકો આચાર્યશ્રીની -- ઉપરવટ જવા માગે છે. જો તેમણે બાપાશ્રીનાં પુસ્તક પ્રમાણ કરાવવાં હોય તો આચાર્યશ્રી પાસે તેમના પૈકીના કોઈને મોકલી દલીલથી - પ્રમાણ કરાવી શકે છે પરંતુ આચાર્યશ્રી કે જે તેમના ધર્મગુરુ છે તેમની સત્તા નકબુલવી તે શિક્ષાપત્રીના શ્લોક પ્રમાણે તેમજ સં. ૧૯૯૫ની પત્રિકા પ્રમાણે આપોઆપ સંપ્રદાયથી બહાર જાય છે. વચનામૃતમાં શ્રીજી મહારાજે ભગવાનના ભક્તનો દ્રોહ ન કરવો એમ કહ્યું છે. - નાના પક્ષવાળાનું કહેવું એવું છે કે અબજી બાપા ભગવાનના ભક્ત હતા અને અબજી બાપા સામા જે પ્રતિબંધ મુકવા તે તેમનો દ્રોહ કરવા બરાબર છે પરંતુ વચનામૃતમાં જે બધું લખ્યું છે તે તો સંપ્રદાયના સત્સંગીઓ વાસ્તે છે. તે આચાર્યશ્રીને લાગુ પડતું હોય એમ અમારું માનવું થતું નથી. અમોએ બળદીઆનાં બંને મંદિરો જોયાં છે અને એટલું પણ જોયું છે કે બાપાપંથી માટે ભાઈ તથા બાઈ માટે અબજી ભગતના દીકરાનાં ઘરમાં તેમની ઇચ્છા પ્રમાણે પાઠ પુજા કરવાની સગવડ ચાલે છે.

ઉપરનાં કારણોથી પહેલા મુદ્દાનો જવાબ હકારમાં આપવા અમારો અભિપ્રાય થાય છે.

૧૩. બીજો મુદ્દો એવો છે કે "જો સાબીત થાય તો -- બળદીઆનાં સ્વામીનારાયણનાં હરી મંદિરમાં તેમને જવાનો હક્ક છે કે કેમ:

જ્યારે બાપાપંથી આચાર્યશ્રીના હુકમ પ્રમાણે તેમજ મેઘપર અને ગુજપરમાં થયેલ ઠરાવ પ્રમાણે સંપ્રદાયની બહાર જાય છે તો બળદીઆનાં

સ્વામીનારાયણનાં હરિ મંદિરમાં ધર્મના સંપ્રદાય પ્રમાણે તેમને જવાનો હક્ક નથી. માત્ર એક હિન્દુ તરીકે દર્શન કરવા જઇ શકે છે પણ તેમને મંદિરમાં પુજા કે પાઠ કરવાનો અધીકાર, જ્યાં સુધી તેઓ સંપ્રદાયની બહાર છે ત્યાં સુધી ગુમાવી બેઠા છે. બાપાપંથી વાળાનું કહેવું એવું છે કે સં. ૧૯૮૭ની સાલમાં પોલીસની રૂબરૂ બળદીઆના કણબીઓ વચ્ચે સમાધાન થયું હતું અને તે સમાધાનની રૂએ બંને પક્ષવાળા એકજ મંદિરમાં લાઇન દોરી બાંધી જુદા બેસતા અને પોત પોતાનાં પુસ્તકો વાંચતા અને પુજા કરતા. બળદીઆનું આ બાબતનું રોજકામ રા. રા. પોલીસ કમીશ્નર સાહેબની ફાઇલ નં. ૩ માંથી અમે જોયું છે તેમાં કોઇની સહી નથી તેમ તારીખ પણ નથી અને મોટાપક્ષવાળા આવી રીતે સમાધાન થયેલ હોવાનો ઇન્કાર કરે છે બંને પક્ષવાળા તરફથી સં. ૧૯૮૭ની સાલથી જે કેસો થયા છે તે જોતાં આ સમાધાન થયું હોય તો પણ પળાયું નથી એમ અમારું માનવું છે. બીજા મુદ્દાનો નિકાલ નકારમાં દેવાનો અમારો અભીપ્રાય થાય છે.

૧૪. મુદ્દા નં. ૩-૪ નો નિર્ણય નકારમાં દેવામાં આવે છે. કારણકે તેઓ સંપ્રદાયમાં રહ્યા નથી તેથી આપોઆપ વહીવટમાં ભાગ લેવાનો હક્ક ગુમાવી બેઠા છે.

૧૫. મુદ્દો નં. ૫- મોટા પક્ષવાળા કહે છે કે બળદીઆના સ્વામીનારાયણ સત્સંગીઓએ સં. ૧૯૯૨ના શ્રાવણ ~~વદ~~ સુદ ૯ રવીવારને રોજ વહીવટ કરનારા નીમેલા છે. મોટા પક્ષવાળાની એ બાબતમાં કાંઇ તકરાર નથી. નાના પક્ષવાળાને વહીવટમાં કાંઇ હક્ક નથી તો પછી આ મુદ્દાનો નિકાલ દેવો રહેતો નથી.

૧૬. મુદ્દો નં. ૬- મોટા પક્ષવાળાએ તકરારના જે વિષયો આપ્યા છે તેમાં કાંતિતલાવડી વિષે તેમણે પહેલી બે તકરારમાં લખ્યું છે. નાના પક્ષવાળાનું કહેવું એવું છે કે આ જગ્યા આયસ બાવા પાસેથી અબજી બાપાએ પોતે વેચાતી લીધી છે માટે તે અબજી બાપાની ખાનગી મીલકત છે અને તેથી તે તકરારનો વિષય થઇ શકતી નથી. આ જગ્યામાં શ્રીજી મહારાજનાં પગલાં છે તથા હનુમાનજીની મુરતી પણ છે. નાના પક્ષવાળા તરફથી સં. ૧૯૭૧ તથા ૧૯૭૮ ના

K.J.93

-૦

અબજી ભગતના નામના બે દસ્તાવેજોની નકલો રજુ કરવામાં આવે છે
તથા એક શાં. ૧૯૯૭ના ફાગણ વદ ૧૦ રવીવારની મીતીના કા. કાનજી
તથા મનજી અબજીના નામના દસ્તાવેજની નકલ રજુ કરવામાં આવી છે
આ શાં. ૧૯૯૭ની સાલનો દસ્તાવેજ તો રેવીન્યુ ડીપાર્ટમેન્ટ તરફથી
રદ થયો છે તે દસ્તાવેજમાં બોલાવેલી જગ્યામાં ઉપર લખ્યા શાં. ૧૯૭૧
તથા ૧૯૭૮ના દસ્તાવેજોમાં લખી જગ્યા આવી જાય છે એટલે પછી
શાં. ૧૯૭૧ અને ૧૯૭૮ના દસ્તાવેજો વિષે બહુ કહેવાપણું રહેતું નથી
પરંતુ આ જગ્યા ઉપર જે શ્રીજી મહારાજનાં પગલાં, હનુમાનજીની મુરતી
તથા ધર્મશાળાની ઈમારત જે બાંધવામાં આવેલ છે તેનું ખર્ચ અબજી ભગતે
કરેલ હોય એમ સાબીત થતું નથી. અબજી ભગતે તો માત્ર પોતાના
નામથી જગ્યા લઈ સંપ્રદાયને આપી દીધી લાગે છે. સંપ્રદાયના બધાં
માણસ ત્યાં શ્રીજીનાં પગલાંનાં દર્શન કરવા જઈ શકતા હતા અને ધર્મશાળા
નું ખર્ચ મોટા પક્ષવાળાના કહેવા પ્રમાણે કા. કરશન મુળજીએ કરેલ છે.
મોટાપક્ષવાળાના કહેવા પ્રમાણે ત્યાં મજુરી વાસ્તે પણ સંપ્રદાયના
બધા કણબીઓ જતા અને સંપ્રદાયની ધાર્મિક જગ્યા તરીકે તે મનાઈ છે
બળદીઆના મારવાડા અને મહેશરી મેઘવાળોએ શાં. ૧૯૮૦ની સાલમાં
સ્વામીનારાયણનાં પગલાં અને હનુમાનજીની મુરતી સબંધી જે લખાણ
કરી આપ્યું છે તે પણ બળદીઆના કણબીની નાતને લખી આપ્યું છે.
જો આ મીલકત અબજી ભગતની ખાનગી હોત તો આ લખાણ આવી રીતે
લખાત નહીં. આ જગ્યા અબજી ભગતની ખાનગી હોવાનું પુરાવાને
અભાવે અમે માની શકતા નથી માટે તે તકરારનો વિષય થઈ શકે છે.

૧૭. મુદો નં. ૭ – ઉપર મુદા નં. ૬ ના ઠરાવમાં જણાવ્યા
પ્રમાણે જમીનનું વેચાણ ખત અબજી પાંચાના નામનું છે પરંતુ તેમણે આ
ઈમારત પર કાંઈપણ પૈસા ખરચ્યાનો પુરાવો નથી ઉલટા કા. કરશન
મુળજીએ પૈસા ખરચ્યા છે તેનો હિસાબ રજુ થયેલ છે અને મોટા પક્ષવાળા
કહે છે કે જાત મહેનત પણ બધા કણબીઓએ કરી છે. સ્વામીનારાયણનાં
પગલાં ત્યાં કરવામાં આવ્યાં છે તે પણ બતાવે છે કે આ જગ્યા આખા
સંપ્રદાયને અર્પણ થઈ ગઈ છે. આ મીલકત કોઈપણ વખતે ખાનગી મીલકત
તરીકે ગણવામાં પણ આવી નથી, અબજી બાપાની છતેડી ત્યાં કરવામાં
આવી છે એ વાત ખરી છે પરંતુ તે વખતે તેમની હયાતીમાં તેમનું કણબી
જ્ઞાતિમાં બહુ માન હોવાથી તેમ થવા પામ્યું છે. અમારો અભિપ્રાય

એવો થાય છે કે આ બધી જગ્યા સમસ્ત કણબી જ્ઞાતિની હોવાનું સાબીત થાય છે.

૧૮. મુદો નં. ૮ - આ જગ્યા બનાવવામાં આવી છે તેમાં ભુજના શિખર મંદિરની દેખરેખ હોય એમ સાબીત થતું નથી તેથી કરીને આ જગ્યા અમદાવાદના આચાર્યશ્રીની સીધી દેખરેખ નીચે આવતી નથી. અબજી બાપા કચ્છી સંવત ૧૯૮૫ના અશાડ મહીનામાં ગુજરી ગયા છે. લગભગ ૧૬ વર્ષ સુધી મોટા પક્ષ વાળાએ કોર્ટમાં જઇ અબજી બાપાની છતેડી વિષે કંઇ દાદ મેળવી નથી જ્યારે છતેડી બંધાતી હતી ત્યારે પણ કોર્ટમાં જઇ મનાઇ હુકમ મેળવ્યો નથી. પરોક્ષ રીતે તેમની આ છતેડી બનાવવામાં કબુલાત હોય એમ માની શકાય છે આટલે વરસે છતેડી કાઢી - નખવાનો હુકમ કરવો એ અમને દુરસ્ત જણાતું નથી.

૧૯. બળદીઆ ગામને અબજી બાપાએ પ્રસિધ્ધીમાં આણ્યું છે બળદીઆના હરી મંદિરોમાં અબજી બાપાનાં પુસ્તક તથા ફોટો ન વાપરવા એમ ઉપર અભીપ્રાય આપી દીધો છે. જે ધર્મશાળા બંધાણી છે તેમાં શ્રીજી મહારાજ, અબજી પટેલ તથા સાધુ ઇશ્વરચરણદાસજીના ફોટા મુકવામાં આવ્યા છે. અબજી બાપાવાળાને જ્યારે બળદીઆનાં હરી મંદિરમાં તેમની ઇચ્છા પ્રમાણે કરવા દેવાની છુટ આપવામાં આવી નથી તો પછી બળદીઆની આ જગ્યામાં બળદીઆના કણબી તેમના અબજી ભગતને કંઇ માન આપે તે અમોને અયોગ્ય લાગતું નથી. મોટાપક્ષવાળાને ત્યાં દર્શન કરવા જવું હોય તો જઇ શકે છે પરંતુ બાપાપંથી તેમની ઇચ્છા પ્રમાણે આ જગ્યામાં વરતે તો બળદીઆના કણબીને નિષેધ નથી માટે અમારો અભિપ્રાય થાય છે કે આ જગ્યામાં બાપાપંથી વાળાને તેમની ઇચ્છા પ્રમાણે વરતવા દેવા જોઇએ જેથી કરીને બંને પક્ષવાળાનું મનગમતું પોત પોતાના મંદિરમાં થઇ શકે. સબબ આ ધર્મશાળાની અંદર આવેલ છબીઓ તથા અબજી બાપાની છતેડી જેમ છે તેમ કાયમ રહેવા દેવા જોઇએ એવો, સમાધાની સાચવવા અમારો અભિપ્રાય થાય છે. જો મોટા પક્ષવાળાને ત્યાં જવું યોગ્ય ન લાગે તો તેઓ સ્વામીનારાયણનાં પગલાંની બીજે ઠેકાણે સ્થાપના કરી શકે છે તેવાં પગલાં માટે અમુક જ જગ્યાની આવશ્યકતા નથી.

K.J. 94

૨૦. મુદો નં. ૯ - અમજી બાપાનાં પુસ્તકો અને ફોટો આચાર્યશ્રીએ અપ્રમાણ ઠરાવ્યાં છે તો બળદીઆનાં હરી મંદિર જે અમદાવાદના આચાર્યશ્રીના તાબામાં છે ત્યાં તે લાવી શકાતાં નથી માટે બળદીઆના બાપાપંથી કણબીઓ ત્યાં બીજા હિન્દુની માફક દર્શન કરવા જવું હોય તો જઈ શકે છે પરંતુ અપ્રમાણ ઠરાવેલ પુસ્તક ત્યાં વાંચી શકશે નહીં અને અનુપાસ્ય મુરતીની પુજા પણ તે મંદિરમાં કરી શકશે નહીં.

૨૧. મુદો નં. ૧૦ - સં. ૧૯૯૫ના ચૈત્ર શુદ ૧૩ તા:૨-૪-૩૯ ની અમદાવાદના આચાર્યશ્રીની આજ્ઞાથી પ્રસિધ્ધ થએલ પત્રિકામાં એ શું લખ્યું છે કે 'જે સંતોને નામ ધરમાદો ઉધરાવવા તેઓ - મોકલશે તેને મોહોર છાપનો કાગળ તેઓ કરી આપશે અને તેવો કાગળ જોઈ તેજ સત્સંગીઓએ નામ ધરમાદો આપવો'.' સદરહુ પત્રિકામાં એમ પણ લખ્યું છે કે '' સરસપુર મંડળના સાધુ ધર્મસ્વરૂપદાસજી આદી પાંચ સાધુને કચ્છ દેશમાં ફરવા મંજુરી આપી નથી'.' મોટા પક્ષ વાળાનું કહેવું એવું છે કે જે સંતો આચાર્યશ્રીની મોહોર છાપની પરવાનગી લઈને આવે તેનેજ સ્વામીનારાયણ મંદિરમાં ઉતરવા અધીકાર છે, બીજા કોઈને નથી. બાપાપંથી વાળા તરફથી આવા અમદાવાદના આચાર્યશ્રી જીની મોહોર છાપવાળી પરવાનગી લઈને આવેલ સંતોને રહેવા દેવામાં આવ્યા ન હોય એવું સાબીત કરવામાં આવ્યું નથી. આચાર્યશ્રી -- વિરૂધ્ધ કોઈએ બંડ ઉઠાવ્યું હોય એવા કોઈ સંતને રહેવા ન દીધો હોય તો તેથી કરીને મોટા પક્ષવાળાનો કંઈ દોષ હોય એમ અમને લાગતું નથી, તેઓ અટકાવ કરતા હોય એવું સાબીત થતું નથી તેથી આ મુદાનો ઠરાવ નકારમાં આપવામાં આવે છે. બાપાપંથી વાળા પોતાના સંતો તથા મહેમાનોને કાળી તળાવડીવાળી જગ્યામાં ઉતારો આપી શકશે.

૨૨. મુદો નં. ૧૧ - બાપાપંથી વાળા તરફથી મોટા પક્ષ વાળા વિરૂધ્ધ કચ્છ ફોજદારી કાયદાની કલમ ૧૩૧ પ્રમાણે જબરજસ્તી થી પૈસા કઢાવવાના કેસ કરવામાં આવ્યા હતા તેમાં એક હીરજી નાનજી ના કેસમાં સં. ૧૯૯૩ની સાલમાં તે વખતના મે. દિવાન સાહેબ રા. રા. જકુરામ પરસોતમ ભટે ગુન્હો સાબીત માની શ્રી હજુર કોર્ટમાં અમુક તોહમતદારને ગુનેગાર ઠરાવી દંડની સજા કરેલી છે. આવી જાતની

બીજી ફરીયાદ થઇ હતી તેમાં રા. રા. જ્યુડીશીયલ આસીસ્ટંટ
સાહેબે તે ગુન્હો નાસાબીત માન્યો છે. જે કેસમાં ગુન્હો નાસાબીત
થયો છે તેમાં તો કંઇ કરવાપણું રહેતું નથી તેમ જે ગુન્હો -હીરજી
નાનજીવાળો- આઠ વર્ષ પહેલાં નિકાલ થઇ ગયો છે તે સંબંધમાં
પણ હવે કંઇ કરવું તે અમને દુરસ્ત લાગતું નથી તેવીજ રીતે સં.
૧૯૯૨ની સાલમાં નાનાપક્ષવાળા રામજી પરબતે મોટા પક્ષવાળાના
અમુક માણસો ઉપર બાઇઓના મંદિરમાં જઇ બાઇઓને મારવા સંબંધી
કલમ ૬૨-૬૬-૧૦૦ મુજબની ફરીયાદ કરી હતી તેમાં શ્રી વરીષ્ટ
કોર્ટના રા. રા. આસીસ્ટંટ જડજ સાહેબે સં. ૧૯૯૬ની સાલે -
કલમ ૬૨-૬૬-૧૦૦ મુજબના તોમતો સાબીત માની અમુક દંડની
અને આસાન કેદની સજા કરેલ. આ શિક્ષા અપીલમાં કાયમ રહેલ
હોવાનું કહેવામાં આવે છે પરંતુ આ બાબતમાં પણ હવે આ પ્રકરણે
કંઇ કરવું અમને ઉચીત લાગતું નથી. મોટા પક્ષવાળા તરફથી
નાના પક્ષવાળા અબજી બાપાના દીકરા વિરૂધ્ધ ખોટી ફરીયાદ
કરવા બદલ કેસ કરવાની મન્જુરી મળવાની અરજી એડીશનલ વરીષ્ટ
કોર્ટમાં ચાલુમાં છે તે બાબતમાં પણ આ પ્રકરણે કંઇ કરવું અમને
દુરસ્ત જણાતું નથી. તેથી આ વિષય આ પ્રકરણે ચર્ચાનો વિષય
થઇ શકતો નથી. એક બીજા સલાહ સંપથી કંઇ કરે તો ઇષ્ટ છે
પરંતુ કોર્ટના પુરા થઇ ગયેલા અથવા ચાલતા કામમાં ડખલગીરી
કરવાનું અમને ઉચીત જણાતું નથી.

૨૩. મુદો નં. ૧૨ - બાપાપંથીવાળા, આચાર્યશ્રીની
અવગણના કરવાથી સંપ્રદાયની બહાર થયા છે. ત્યાં સુધી તેઓ
હરી મંદિરની બહાર છે ત્યાં સુધી હરી મંદિરની કોઇપણ
મીલકતમાં તેમને હક મળી શકતો નથી બળદીઆના કણબી લોકોમાં
પક્ષ પડયા પહેલાં જે મીલકત લેવાઇ ગઇ છે અને જે મોટા પક્ષના
કબજામાં છે તેને વાસ્તે નાના પક્ષવાળાને સંપ્રદાયની બહાર
ગયા પછી કંઇ હક રહેતો નથી એમ અમારૂં માનવું છે. સંપ્રદાયના
નિયમ અનુસાર વર્તે તોજ તેઓ સંપ્રદાયના મેમ્બર ગણી શકાય.
બાપાપંથી દરીયામાં રહેવું અને મગર સાથે વેર કરવા જેવું વર્તન
રાખે છે.

K. J. 95

ઠેવરની અભિપ્રાય:

અમારો અભિપ્રાય એવો થાય છે કે પાર્ડીઆનાં ભાઇ તથા બાઇનાં હરી મંદિરમાં આપાપંથીવાળાઓને તેઓ જ્યાં સુધી - આચાર્યશ્રીજીની આજ્ઞા પ્રમાણે ન વરતે ત્યાં સુધી તેના વહીવટમાં તેમનો હક્ક રહેતો નથી. સાધારણ હિન્દુ તરીકે દર્શન કરવા તેઓ જઇ શકે છે પરંતુ આચાર્યશ્રીએ અપમાન્ય કરેલ પુસ્તક ત્યાં વંચાય શકશે નહીં અને અનુપાસ્ય મુરતીની પુજા પણ તે મંદિરની અંદર કરી શકશે નહીં. આપાપંથીવાળા જ્યાં સુધી સંપ્રદાયની બહાર રહે ત્યાં સુધી તે મંદિરના ચોપડા જોવાનો હક્ક તેઓ ગુમાવી બેઠા છે તથા તે મંદિરની માલીકીની મીલકતના વહીવટ અને ઉઘરાવટામાં પણ તેમનો હક્ક - રહેતો નથી.

કાર્તીલક્ષ્મવાડી ઉપર જે શ્રીજી મહારાજનાં પગલાં તથા હનુમાનજીની મુરતી તથા ધર્મશાળા છે તે પાર્ડીઆના કણબી સમસ્તની મિલકત ગણવી જોઇએ પરંતુ મહટલે કદિ વખતે અજા પાપાની છતેડીને કાઢી નાંખવાનો અમારો અભિપ્રાય થતો નથી તેમ ધર્મશાળામાં જે અનુપાસ્ય મુરતીની પુજા ચાલે છે તેમાં પણ દરમ્યાનગીરી કરવા જેવું અમને જણાતું નથી. આમ થવાથી દરેક પક્ષને પોતાના મત પ્રમાણે વર્તવાનું સ્થાન રહેશે.

અજા પટાણ બહુ મોટા ભક્ત થઇ ગયા છે પાર્ડીઆના ગામને તેમણે પ્રસિદ્ધિમાં આણ્યું છે અને પાર્ડીઆના કણબી અજા ભક્તની કંઇ યાદદાસ્ત આ ઠેકાણે રહેવા દે તો તે અમોને અયોગ્ય જણાતું નથી. મોટા પાવાળાને ત્યાં દર્શન કરવા જવું હોય તો જઇ શકે છે પરંતુ તેમના સંકલ્પને જો કંઇ વાંધો આવતો હોય તો જેમ ત્યાં પગલાં કરવામાં આવ્યાં છે તેવી રીતે તેઓ બીજે પણ પગલાં કરી ~~કરી~~ શકે છે.

સંપ્રદાયના આચાર્યશ્રીજીની આજ્ઞામાં રહેતા સાધુ સંતોને તથા પરદેશના મહેમાનોને પાર્ડીઆનાં હરી મંદિરમાં કંઇ હરકત થતી હોય એમ સાબીત થયું નથી જેથી તે બાબતમાં કંઇ કરવાપણું રહેતું નથી.

સંપ્રદાયના આચાર્ય પતાના દેશ પરદેશના મહેમાનો તેમજ બ્રાહ્મણો અને સાધુ સંતો આવે તો મંદિરમાં રહેવા દેવામાં મોટા પોરવાળાએ હરકત કરવી નહીં કેમકે તે પાયાપંથીવાળાની માલિકી છે તેનો ઉપરનાં કારણે કંઈ નિકાલ કરવો રહેતો નથી.''

એ રીતે રા. રા. રાવ બહાદુર જે. ડી. રાણા તરફથી પોતાના રીપોર્ટમાં કરવામાં આવેલ નિર્ણય મંજુર કરવા હુકમાર્થે મહારાજાશ્રી હજુર સાહેબ સવાઈ બહાદુરનું ફરમાન થયું છે વાસ્તે તે નિર્ણય મુજબ બંને પક્ષે અમલ કરવો.

આ નિર્ણયનો અમલ રા. રા. રેવીન્યુ કમી. મારફતે બેલદાર કરાવવો.

આવા પ્રકારની તકરારો બીજાં કોઈ ગામે જો ઉપસ્થિત થાય તો તેને પણ આ નિર્ણય લાગુ પડશે.

મીતી- માગસર વદ ૮ બુધવાર સં. ૨૦૦૨.

તાઃ-

Sd/ S.K. Nayampalli
દિવાન - કચ્છ.

K.J.96

સં. ૨૦૦૨ના. પોષ. સુદ. ૧૧ સોમવાર. તા.૧૪-૧

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

ગા. કોટડા

૧ [illegible]

૨ [illegible]

૩ [illegible]

૪ [illegible]

K.J.97

શ્રી ૧૧

હરી   તતસત......-

શાન્તી.   શાન્તી.   શાન્તી. શ્રી સરજન હરીની જય.

હેપ્રભુ હેમારા ભગવાન તમારી ઇચ્છા વડે આજે અમોએ એકતા
સબંધી વીચાર કરી એને તેનો આરંભ આ પત્રથી કરીએ છીએ તો
તે માં સત્ય વસ્તુનો વીચાર સાંભળા આપવા અમારો યોગ ધર્મ
સ્વીકારવા માટે સારા વીચાર પ્રપ્ત કરવા માટે હે ઇશ્વર તમારી
ખાસ પહેલી જરૂર છે એને અમોનેખાત્રી છે કે અમારા પુજ્ય પીતાઓ
એને અમો સૌ. બાળકોને એકતા સબંધી વીચાર આપો એને અમો સૌ
તમારા બાળકો સંપીને શાન્તીથી તમારૂં ભજન કરી એને આમહી
રૂપી દુનીયામાંથી છુટી તમારામાં લીન થઇ ખરો મનુષ્ય ધર્મ
સ્વીકારી લેઇએ એવી અમો આશા રાખીએ છીએ તો હે પ્રભુ તમો
સાહતા કરો એને અમો માં એકતા એને શાન્તી આવે એવા શુધ
વીચારો આપો.

દુનીયા ખોટી જોઇ અમોને દીલમાં દુખ આવે છે.

પ્રભુના ગુણ ગાઇને અમોને હર્ષ થાય છે.

શ્રી પરીબ્રમ પરમાત્માની ઇચ્છાથી .

લખેતી શ્રી ગામ ઉખરડા થી શુભ સ્થાને પુજ્ય પવીત્ર આત્માઓ
એને અમારા પ્રભુ સમાન વડીલ પીતાશ્રીઓ તથા ભારત માતા જેવા
પવીત્ર રહ્દય વાળી માતાઓ એને બેનો તથા અમારા ઉખરડાના
પ્રેમી યુવાન બંધુઓ ની ચરણની સેવામાં.

વળી જણાવતાં આનંદ થાય છે કે આપણા ગામમાં આજે ઘણાં
સબંધી જુદી જુદી વાતો ચાલી રહી છે તેમાં આપણા સૌના અંતર
માં પ્રેમ ને બદલે જવાળા ચાલી રહી છે. તો ભાઇઓ બહેનો તથા

તથા વડીલ માતા પીતાએ સૌ ને વીનંતી કરવામાં આવે છે કે આ
જવાનાને ચેતાવવા માટે સૌ.પોત પોતાની ધર્મ નીતી ધર્મનું
પાલન કરો અને પ્રેમથી પ્રભુનું ભજન કરો એવું ધર્મ ચલાવવાના વીચારો
આપણાસમાજમાં પ્રગટ થાય એવી પ્રભુ આગળ પ્રાર્થના કરીએ છીએ.
કે અમો સૌ માં એકતા રાખી શાન્તી અર્પે.

અમો મુંબાઇ વાસીઓ સૌ ભાઇઓ અતી નમ્રતાથી અમારા વડીલોને
જણાવીએ છીએ કે ધર્મ બાબતની ચર્ચા ચલાવતાં આપણા ગામના સૌ
જનોના હૃદયમાં દ્વેશ ભરાઇ ગયો હોય તો તેના માટે અમો તથા તમો
અને વાદીઓ અરસ પરસમાં કોઇ બોલાયું હોય તો અમો આપની
પાસે નમ્રતા પુરવક માફી માગી અરજ કરીએ છીએ કે આપણે સૌ સંપનીને સ
આપણા પાલક પીતાશ્રી પરમાત્મા કે જે આપણી વહાલમાં વહાલી મુડી
કે જેના વડે આપણું જીવન છે તેવા મહાવાનુ ભગવાનને આપણે સંકલ્પ વીકલ્પ
રાખ્યા વગર એકજ ઠેકાણે ભજવા ની અરજ કરીએ છીએ અને સૌની વાતની
આંટી મુકી અને પ્રભુને શરણે જઇને અને તે બાબત નીચેના ઠરાવો અમે કબુલ
કરીને આપણે શરણે મુકીએ છીએ.

૧. એકજ સર્વે પ્રભુને ભજવા જોઇએ અને આપણેસૌ સ્વજનોએ અંતરમાંથી
ક્લેશ કાઢીને પ્રેમથી પ્રભુનું ભજન કરીએ અને આપણે સૌ આનંદ માનીએતો
તે જગા આપણી ચાલતી આવતી ધર્મની સંસ્થાની જગ્યા રાખવી અને
તેના આચરણો નીચેના બીજા ઠરાવો પ્રમાણે રાખવા.

૨. આપણે ગટપાટની પુજા ચાલુ રાખવી અને તેમાં ગંગાજળ રુપી
પ્રભુને ગટમાં રાખીને અને તેને બેઠાએ પીવું અને ગંગાજળથી તેની પુજા
કરવી.

(૩. શ્રી લક્ષ્મીનારાયણ અને આદનારાયણ કે જેની આપણે હંમેશા
પુજા કરીએ છીએતેના છબી પધરાવવી અને તેને જોઇ અને તેને જોઇ આપણે

K.J. 98

(૩)

રોજ સવાર પ્રાર્થના કરવું અને આપણા દીવસના કરેલા પાપનો નાશ થાય.

૪. આપણા મંદીરમાં પ્રભુને ભેટમાં આપેલું ધરમાદા ધન તેની વ્યવસ્થા આપણા પંચોના કાયમાં રહેશે અને તેનો ઉપયોગ આપણી જ્ઞાતીની સેવાર્થે વાપરવું.

૫. આપણે સેવા કરતી વખતે નગારું વગાડીએ છીએ તો તેની જોડે શ્રી નારાયણની આરતી ગૅટ વગાડીએ તો તેમાં કાંઈભેદ નથી. કેમકે જેમ કે હેતુથી નગારું વગાડીએ તો તેજ હેતુથી આરતી વગાડવાનું સંતોનું કહેવું છે. આઈઓ નગારું અને આરતી આપણે બહારથી દ્રષ્ટીથી જોતાં જુદા જણાય છે. પણ તેનો અંદરની દ્રષ્ટીથી તો તેનો ભેદ એકજ છે. અને કંઈપણ સંતોતો વગાડીને આનંદ ભોગવતા હતા તો આપણે તેના વખાણ કાઢવામાં પણ વઈ મરીએ છીએ અફસોસની વાત એ છે કે આપણે તેના વખાણ કાઢતા પણ આવડતા નથી મહાસંતોના વચનોના અર્થ કાઢીએ તેમાં પણ તેઓઆનંદ માને છે તો તેના વખાણ કાઢતા રહેવું તો તેના જેવા વચનો મળી આવશે માટે ભેદ ભાવ રાખ્યા વગર આરતી બોલાય . પ્રભુની પ્રાર્થના થાય આરતી વગાડાય તેમાં ઘેર આનંદ.

(૬) આપણા મંદીરમાં કોઈપણ જાતની તકરાર કે વાંધો કરવો નહીં અને વળી કોઈની સાથે ભાઈઓ અપેક્ષી વાદ વીવાદ કરવો હોય તો બીજે જઈને કરવો.

(૭) મંદીરની ઉપર પવન પાવડી મંડાવવી અને મંદીરમાં પ્રસાદી રંધિતી મુકવી નહી અને કોરો પ્રસાદ મુકવો મોરી અને ભ્રમ કરવી અને ગટપાટની વસ્તાદી આંકારો તથા પુજા કીંડુ રીવાજ પ્રમાણે કરવી.

(૪)

ઉપરના કરેલા સાત ઠરાવો અનુસાર પ્રભુના નામનો ઉચાર તથા સતસંગ થાય અને કોઇપણ અપ શબ્દ બોલવાની મંદીરમાં પ્રભુની શરમ રાખવી જોઇએ અને આપણે નરેનર માની લેવું કે આ મંદીરમાં પ્રભુ પોતે બેઠા છે. તો તેના સામે આવી અને આપણાથી ખોટા ઉચારો ન થાય એ માટે આવી સત્ય ઉચાર સત્ય વીચાર રાખી પ્રભુના હુકમનું પાલન કરી અને પ્રભુ આગળ પ્રાર્થના કરશું અને તેઓના વડે અજાણતા કરેલા પાપોનો અંત લાવી આપણા જીવનમાં વીજય મેળવી અંત સમે પ્રભુના બીન પ્રભુ સાથે જઇ અને એક સમય દેહનો ત્યાગ કરશું.

ભાઇઓ વીચારી જોઇએ તો આપણું રૂપ કેવું જણાવાનું છે કે તે કોઇના જીવનમાં રહે તેવું નથી તો આપણે આપણી જાત ભુલી જઇ અને કહીએ છીએ કે આપણને મદદ લીધા વીના નહી ચાલે એમઆપણી દશોદ વીશોદ ગુરૂ દક્ષીણા સઇદોને આપીએ છીએ તેજ પહોંચે છે. ઓહો કેટલી શરમની વાત છે કે આપણી બાજુમાં રહેનારા આપણા ગરીબ ભાઇઓની સેવામાં નથી. રહેતા આપણા બાળકોને ભણાવી કમાવાની સગવડ નથી કરતા આપણી રોટી કમાતી હાલી પાસેથી ફરજ્યાત પૈસા લઇએ છીએ એનેતેનોઉપયોગ તેની સગવડતામાં નથી કરતા અને તેનો ગેરઉપયોગ કરીએ છીએ તો આપણે ક્યા ધરમનું પાલન કરીએ છીએ તો ભાઇઓ વીચાર કરીને તે પૈસા આપણી હાલીના ભાઇને કામ આવે તેમ કરો.

બંધુઓ એ એકતા કરવા માગીએ છીએ પ્રભુ એકજ છે અને તે એકજ સ્થળે ભજવા જોઇએ બીજુ મંદીર થાય તો તેમાં આપણા મન જુદા પડી જાય આપણું ગામ નાનું એ તેમાં અવેળ્યો કુસંપ ન થાય તેમ કરવું થોડો સમય છતી અને ઝઘડાઓ ન કરવા અને તે છતાં કોઇ ભાઇને ગેગાજ ઠીક ન લાગતું હોય તો ગોળી તેના ગેર લઇ પીએ મંદીરમાં નહી.

મીત્રો સરવેને વીચારવાનું કે આમ કરવાથી અમારી તમારી તરફ વધારે રહે અને અમો સૌ પુત્રોમાં એકતા જળવાઇ રહે જેના માટે અમો તમોને

K.J.99

(૫)

નમ્રતા પુરવક [illegible] કરીશે અને કહીએ છીએ કે ઉપરની શરતો કબુલ કરી
ને વહુ એકતા ધર્મનું સ્થાપન કરો અને આથી પહેલાં અમો તમારાથી
જે કંઇ ધરમ બાબત બોલ્યા હશું તો તે કંઇ અમારા સ્વાર્થ માટે
નથી બોલ્યા પણ ધર્મ બાબત બોલ્યા હશું તો તેની દરગુજર.

હવે અમો ધારીએ છીએ કે શ્રી ઉમરડા સર્વ સાર્વજનીક બાઇઓ ઉપવા
કરાવીને માન આપીને નીચે સહીઓ કરશે અને તેજ રીતે આશ રણો અને
એને સંપ પણ થઇ રહેશે પણ.

હજી પણ તમોને ઉપવા કરાવો ઠીક ન લાગે અને કાયમને માટે ધર્મ
બાબત સુધારો ન કરવો હોય અને હંમેશનેમાટે ગોબીજ રાખવી હોય
તો જે જે ઘરોમાં ઝઘડાઓ ચાલી રહ્યા છે તોતો મેલ સાધવા માટે
બાપે દીકરાને દીકરે બાપને સાસુએ વહુને વહુએ સાસુને ભાઇ ભાઇને
પતીએ પત્નીને સમજેને મંદીરમાં આવામાં ગમે ત્યાં જઇ પ્રભુનું ભજન કરે
તેમાં છુટ આપવી જોઇએ અને મંદીરવાળા અને જમાતવાળાએ બીજી બધી
રીતે એકતાનો વહેવારસબંધ રાખવો. જોઇએ કોઇપણ કારણ ઝેરથી જોવું
નહી ગોકડા ગાદલાનો ઉપયોગ પહેલાની માફક કરવો આ બંધારણો
રાખવાનું કારણ એજ કે જમાતવાળાના છોકરા મંદીરમાં આવેજ માટે
કોઇ જાતનો દ્વેષ રાખવો ન જોઇએ પોત પોતાની બુધ્ધ સમજે આવડતો
મેલ સાધવો જોઇએ આપણે બધા પાટીદાર છીએ તો તેની પ્રશંસા કચ્છ
ભરમાં છે કે પાટીદાર સમાજ સંપીલી કોમ નહી તો હવે જમાના
અનુસાર સમજે આપણે આપણી કોમનું ગૌરવ રાખવું જોઇએ કે અમો
પાટીદાર છીએ અને એનું નામ ધરમ છે "સંપ એજ સુખનું સ્થાન છે.

બસ બીજુ શું ધર્મનું સ્થાન છે એમાં મારું તારું થાય નહી અને આપણે
તેમ કરીએ મેં ભુલાવેલું છે. ભાઇઓ આપણે તેસારની બાબામાં એવા ઉપાઇ

જઈએ છીએ કે એક વખતે છુટી શકતા નથી તો મારી આપણે ધરમાદા મીલ્કત

ઉપર માઠું વાઈ કરવા બેસીએ છીએ તો તે કદી પુરી છોડશે નહી માટે જેમ

બનેએ તેમ એકતા કરી અને સંપ કરો સાર્વજનીક ભાઇઓ પ્રેમથી આપો ને પ્રેમ

આપો તેમની પ્રભુએ સાક્ષી થાઇ છે. એજ અરજી

તા.ક.

નીચે સહી કરનારા ભાઇએ ઉપરના સાત ઠરાવો તથા વીવેચન વાંચી ~~[illegible]~~

સમજાવી સેનાની ભલામણને સહી કરવી કેમ કે સહી આપ્યા ~~[illegible]~~ પછી તે તેમ

કરવામાં બંધાયેલો છે અને પ્રભુને હાજર રાખી સાચી નીષ્ઠાથી રાજી ખુશીથી સહી

કરવી અને બીજુ પણ તેને ખાસ જણાવવામાં આવે છે કે આપણા વડીલ પુરખીઓ

આ રીતે કરવાની ના નહી પાડે અને ના પાડે એવા આગેવાનો હમણાંજ ચલાવવાની

ના કે પાડે તો નીચે સહી કરનાર ભાઇઓ શ્રી સનાતન ધરમ પ્રમાણે લક્ષ્મીનારાયણનું

મંદીર નવું ઉભું કરીને સાર્વજનીક મંદીર રાખવાની રીતે જોઇએ છે અને તેમાં પોતાના

મન અને ધનથી મદદ આપે એજ વીનંતી.

સહીઓ.

૧. પા. કાનજી નાથા.
૨. પા. અરજણ દાયા.
૩. હે પટેલ બેચર માવજી.
૪. પટેલ મનજી શાવજી.
૫. પટેલ વઘા નથુ.
૬. પટેલ જેઠા પરબત.
૭. પા. શીવજી રામજી.
૮. પટેલ દેવશી મનજી.
૯. પટેલ પેમજી પુંજા.
૧૦. પટેલ કરમશી શવજી.
૧૧. પટેલ શીવજી રવનશી.
૧૨. પટેલ નાનજી કરશન.
૧૩. પટેલ રણમલ માવજી.
૧૪. પટેલ [illegible] કાનજી.
૧૫. પટેલ પેમજી જેઠા.
૧૬. પટેલ બેચર કાનજી નીશ ઠ દા. [illegible] રામજી.
૧૭. પટેલ કરમશી પરબત.

(૧૭)

૧૮. પટેલ રવજી જેઠા.
૧૯. પટેલ[illegible] [illegible].
૨૦. પટેલમાવજી રામજી.
૨૧. પટેલ ગોપાલ રામજી.
૨૨. પા. [illegible] નાનજી.
૨૩. પા. [illegible] નાનજી.
૨૪. પા. દેવજી [illegible].
૨૫. પા. [illegible] [illegible].
૨૬. પા. રામજી જેઠા.
૨૭. પા. વાલજી જેઠા.
૨૮. પા. દેવજી રામજી.
૨૯. પા. [illegible] પુંજા.
૩૦. પટેલ પ્રેમજી પુંજા.
૩૧. પટેલખીમજી પુંજા.
૩૨. પટેલ કરમશી કરસન.
૩૩. પટેલ [illegible] મનજી.
૩૪. પટેલ [illegible] રતના.
૩૫. કાનજી વાલજી.
૩૬. નારાણ રતના.
૩૭. પટેલ [illegible] વાલજી.
૩૮. પટેલ [illegible] નાથા.
૩૯. પટેલ [illegible]ભાઈ માન[illegible]ભાઈ.
૪૦. પટેલ [illegible] નથુ.
૪૧. પટેલ વીરરામ દેવજી.
૪૨. પટેલ હરજી મરજી.
૪૩. પટેલ રામજીભાઈ હીરજીભાઈ.
૪૪. પટેલ રામજીભાઈ મનજીભાઈ.
૪૫. પટેલ [illegible]ભાઈ દેવજીભાઈ.
૪૬. પટેલ તેજાભાઈ કેશરાભાઈ.